# મૌલિક અભ્યાસ

અને

# સંશોધનનું આવેદન

Declaration

૭

## મૌલિક અભ્યાસ અને સંશોધનનું આવેદન

**(STATEMENT OF RESEARCH)**

૧૯મી સદીમાં ભારતની સંસ્કૃતિ અને સભ્યતા પર પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કારોનું પ્રબળ આક્રમણ થયું. તેનાથી પોતાના અસલ સ્વરૂપને અખંડિત રાખી મૂળ સંસ્કૃતિ અને ધર્મધારાઓને અક્ષુણ્ણપણે વહેતો રાખવામાં અનેકવિધ સંસ્થાઓએ અને તેના પ્રવર્તક મહાપુરુષોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેમાં ગુજરાતમાં સ્વામીનારાયણ સંપ્રદાય અને શ્રેયસ્સાધક અધિકારી વર્ગનું કાર્ય મોટેભાગે સફળ અને વ્યાપક નીવડ્યું છે. તેમાંય શ્રેયસ્સાધક અધિકારી વર્ગની સામાજિક સાહિત્યિક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓએ તો મધ્યમ અને ઉપલા થરના શિક્ષણસંસ્કારસંપન્ન અધિકારીવર્ગને આત્મદર્શન (શ્રેયસ્) પ્રતિ અભિમુખ કરી સાંસ્કારિક જીવનનાં ય અનાવિલ મૂલ્યો (પ્રેયસ્)નો સમાદર કરવા પ્રવૃત્ત કર્યો. શ્રેયસ્સાધક અધિકારી વર્ગની આ વિશિષ્ટ કાર્યસિદ્ધિને યોગ્ય સંદર્ભમાં સમજી–મૂલવી શકાય તે માટે, ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પ્રવર્તમાન વિવિધ ધાર્મિક – સામાજિક સંસ્થાઓનાં પ્રયોજન–પ્રવૃત્તિની રૂપરેખા આ મહાનિબંધમાં "પાર્શ્વભૂમિકા" રૂપે રજૂ કરવામાં આવી છે. તેમ કરવામાં કેટલાંક આંદોલનો અને તેની અસરો વિશે નવાં અર્થઘટનો કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

તેની સાથે સાથે જ એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આદ્ય આચાર્ય માત્ર કોઈ ધર્મસંપ્રદાયના આચાર્ય, વર્ગના માત્ર સદ્‌ગુરુ કે કેવળ તત્ત્વશોધક ફિલસૂફ ન હતા, પરંતુ એ યોગારૂઢ આત્મસ્થ જીવનમર્મી, સાચા અર્થમાં સમાજસુધારક અને સંસ્કારસંરક્ષક પણ હતા. એ રીતે, પ્રજ્ઞા–પ્રતિભાની પ્રભાથી દેદીપ્યમાન બનેલા શ્રીમન્નૃસિંહાચાર્યજીના સંક્ષિપ્ત ચરિત્રાલેખનથી (પ્રકરણ ૨) તેમણે આલોકિત કરેલા સાંસ્કારિક અને સામાજિક

મૂલ્યના સૌન્દર્યપ્રભાવને પ્રથમવાર જ અહીં ઓળખાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આચાર્યો અને અન્ય મહાપુરુષોનો પ્રધાન ઉદ્દેશ જીવનોત્કર્ષનો હતો, સાહિત્યસર્જનનો નહીં. સાહિત્ય તો જીવનના ચરમ પુરુષાર્થની દિશાસૂઝ અને પ્રાપ્તિ માટેનાં સાધનો પૈકીનું એક સબળ સાધન છે, સાધ્ય નહીં. આથી ધર્મ, યોગ અને તત્ત્વજ્ઞાનના બોધવિતરણમાં સાહિત્યનો પણ વિનિયોગ જેટલે અંશે ઉપકારક નીવડે તેટલે અંશે કરી શકાય. આ હેતુને લીધે, વર્ગનું વાઙ્મય વિપુલ અને વિલક્ષણ કોટિનું હોવા છતાં, વર્ગના પોતાના તરફથી તેના પ્રચાર-પ્રસાર માટે સવિશેષ પ્રયત્નો થયા ન હતા, એટલું જ નહીં પણ સાહિત્યજગતમાં તેની મૂલ્યપ્રતિષ્ઠા થાય તે સારુ તેની કૃતિઓને અન્ય સામયિકોમાં વિવેચન માટે મોકલવાની પણ પ્રથા અપનાવવામાં આવી ન હતી. તેથી પણ વર્ગનું સાહિત્ય વિવેચનવર્તુળના જગતથી જાણે અંધારામાં રહેવા પામ્યું !

મોટે ભાગે સાહિત્યવર્તુળમાં, અને વર્ગના પ્રત્યક્ષ પરિચયમાં નહીં આવેલા જનવિભાગમાં એવો ખ્યાલ બંધાયેલો કે પ્રવર્તેલો હોવાનું જણાઈ આવે છે કે, કેટલાક સંપ્રદાયોની જેમ શ્રેયસ્સાધક અધિકારી વર્ગ પણ કોઈ સાંપ્રદાયિક પ્રવૃત્તિઓમાં રત રહેલી ધાર્મિક સંસ્થા હશે; વળી "વર્ગ"ને વાડા જેવા સંકુચિત અર્થમાં ઘટાવી તેઓએ વર્ગની પ્રવૃત્તિઓ તથા તેના સાહિત્ય-સર્જનને પણ સાંપ્રદાયિક પ્રકારનાં હશે એવું અનુમાન કરી લીધું હોવાનું જણાય છે. પરિણામે આ વર્ગે ગુજરાતનાં સાહિત્ય-સંસ્કારની કરેલી અમૂલ્ય અને કેટલીક બાબતોમાં તો અપૂર્વ કહી શકાય એવી સેવાઓની — નરી ઉપેક્ષા તો નહીં પણ — ધ્યાનપાત્ર ગણના થઈ નથી, એ હકીકત છે.

આથી, આ મહાનિબંધમાં મેં ઉપરોક્ત ભ્રમ-ખ્યાલોના નિરસનપૂર્વક શ્રીમન્નૃસિંહાચાર્યજી અને શ્રીમાન્ છોટાલાલ માસ્તર સાહેબ ( વિશ્વવંદ્ય ) ના જીવનના મહત્ત્વના પ્રસંગોનો અને લોકજીવનને સ્પર્શતા વ્યતિકરોનો ઉલ્લેખ કર્યો છે, અને એ રીતે શ્રેયસ્સાધક અધિકારી વર્ગની સંસ્થાના ઉદય અને વિકાસની સંક્ષેપમાં પણ સુસંકલિત રીતે મેં સૌથી પહેલી જ વાર ઐતિહાસિક રૂપરેખા આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. તેના આલેખનની અંદર જ – પ્રસ્તારભયને ટાળવા – વર્ગના વ્યાપક ઉદ્દેશો, સિધ્ધાન્તો, તેની સામાજિક, સાંસ્કારિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વગેરેને વણી લેવામાં આવ્યાં છે. શ્રેયસ્સાધકઅધિકારી વર્ગ એ અધ્યાત્મને કેન્દ્રમાં રાખીને માનવમાત્રના સર્વતોમુખી વિકાસને સધાવનાર વિચાર-વિધિને વહેતો મૂકનારી બિનસાંપ્રદાયિક સંસ્થા છે – એનું સમર્થન, વર્ગમાં સ્થાન પામેલા આચાર્યશ્રીથી પ્રત્યક્ષ દીક્ષા કે શિક્ષા પામેલા સાધકો ઉપરાંત, વર્ગના વિચારો-સંસ્કારોથી આત્મપ્રભાવને પામેલા હિન્દુ સિવાયના મુસલમાન, ખોજા, જૈન, ક્રિશ્ચિયન વગેરે સાધક-સજ્જનોના કેટલાક પ્રસંગોના અને અભિપ્રાયોના ઉલ્લેખો દ્વારા કરવાનો પ્રથમ જ વાર પ્રયત્ન કરવામાં આવ્યો છે. વર્ગના સાહિત્યની સમાલોચના કરતી વખતે પણ આ મુદ્દાની પુનઃ પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

વર્ગના ભૂતપૂર્વ બે આચાર્યો ( ૧ ) શ્રીમન્નૃસિંહાચાર્યજી અને ( ૨ ) શ્રી ઉપેન્દ્રાચાર્યજી તથા પોતાના ઉદાત્ત ચરિત્રથી વર્ગમાં આચાર્યવત્ આદરને પાત્ર બનેલા ( ૩ ) શ્રીમાન્ વિશ્વવંદ્ય (શ્રી છોટાલાલ માસ્તર સાહેબ) – આ મહાન ત્રિપુટીનું જ સાહિત્ય કેટલું બધું વિપુલ પ્રમાણમાં અને વૈવિધ્ય ભરેલું છે તેનું પ્રથમ જ વાર આ મહાનિબંધમાં માત્ર નિર્દેશન જ નહીં પરંતુ સર્વગ્રાહી વિવેચન કરવામાં આવ્યું છે. મારું મંતવ્ય છે કે, આ ત્રણે ય મહાપુરુષો, તેમનાં પ્રતાપી જીવન તથા તદનુલક્ષી

વિપુલ સાહિત્યની દૃષ્ટિએ વિચારતાં, સ્વતંત્ર અભ્યાસગ્રંથો જેટલો અવકાશ માગી લે છે. મેં મારા વ્યાપક વિષયની ફલકમર્યાદામાં રહીને આ ત્રણે ય વિભૂતિઓનાં જીવન અને કવનનો, તેમનાં વ્યક્તિત્વ અને વાઙ્મય વિહારનો વિગતે પરામર્શ કરવાનો પ્રયત્ન કર્યો છે. કારણ કે, હજારો વર્ષોથી આર્ષદ્રષ્ટાઓએ વહેતી મૂકેલી અધ્યાત્મપ્રણાલીની પરંપરાને, સમયના વહેણમાંથી અને વિકૃતિજનક – વિઘાતક વાતાવરણમાંથી ઉગારીને તેના અસલ પણ અનાવિલ સ્વરૂપમાં પ્રકટ કરવાનો ધર્મ બજાવ્યા ઉપરાંત, શ્રેયસ્સાધકઅધિકારી વર્ગે વ્યવહાર અને પરમાર્થના-(પ્રેયસ્ અને શ્રેયસના)– સમન્વયના સંદર્ભમાં ચિરંતન મૂલ્યોનું સમુધ્ધરણ અને સંમાર્જન કરવાના ઉદ્દેશથી જે વિવિધ સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ કરી તેના અંતસ્તલમાં આ ત્રણેય વિભૂતિનાં તેજસ્વી પ્રતિભા અને તપોમય પુરુષાર્થ રહેલાં છે. તેમાં ય શ્રીઉપેન્દ્રાચાર્ય, શ્રી વિશ્વવંદ્ય અને વર્ગના અન્ય વિદ્વાન સાધકો સાહિત્ય અને સંસ્કારની સાધનાને સજીવન રાખવાનો જે ભગીરથ પુરુષાર્થ કરી શક્યા તેમાં તેઓના જ્ઞેયધ્યેયોપાસ્ય બ્રહ્મવિદ્ શ્રીમન્નૃસિંહાચાર્યજીની જ અનુકંપા, પ્રેરણા અને દૃષ્ટિ કાર્યસાધક હોવાનો તેઓ સ્પષ્ટ એકરાર કરે છે. આ શ્રધ્ધાન્વિત વિચારકોણમાં અંતર્ગત રહેલા તથ્યને તપાસવાના આશયથી, તથા આવા વિશાળ જીવનસંરક્ષક અને જીવનસાર્થક વર્ગના સ્થાપક પ્રેરક મૂળ મહાનુભાવના સિધ્ધાંત–દર્શનને સમ્યક્ રીતે સમજવાના ઉદ્દેશથી મેં વર્ગમાન્ય મૂળભૂત દર્શન–સિધ્ધાંતોની વિસ્તૃત સમાલોચના શ્રીમન્નૃસિંહાચાર્યજીના પદ્યસાહિત્ય (શ્રીનૃસિંહવાણીવિલાસ, ભાગ ૧,૨,૩) ની સમીક્ષાની સાથે સાથે જ કરી છે. વિશેષમાં, ગદ્યસાહિત્યની વિવેચનામાં પણ જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં રૂપાન્તરે તે તે સિધ્ધાંતોની ચર્ચા કરી છે. મારા નમ્ર મત મુજબ આ પ્રકારે સંપૂર્ણ તલાવગાહી રૂપે એક જ સ્થળે વર્ગનાં વિચારવલણોનો

વિમર્શ આ અગાઉ કરવામાં આવ્યો નથી. ખાસ કરીને ગૃહસ્થાશ્રમનું ગૌરવ, ઉત્તરોત્તર ક્રમિક સ્થિતિવિકાસ કે આશ્રમાતિક્રમણ, સાચા વૈરાગ્ય વિનાના મિથ્યા ત્યાગ કે સંન્યાસની અવહેલના, દીક્ષાક્રમનું વૈશિષ્ટ્ય, અધિકાર પ્રમાણે સાધનોપદેશનું ઔચિત્ય, પરમાત્માસ્વરૂપ સર્વસામર્થ્યવાન્ ચિતિશક્તિ, ભાવના અને આંદોલનશક્તિ વગેરે વર્ણના પ્રમુખ સિધ્ધાંતમૌક્તિકોની વિશેષતા આ મહાગ્રંથમાં તરી આવે એ રીતે પ્રથમવાર રજૂ કરવામાં આવી છે.

આ પૂર્વે શ્રીમન્નૃસિંહાચાર્યજી અને શ્રીમાન્ વિશ્વવંધનાં વિસ્તૃત જીવનચરિત્ર શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર) અને શ્રી ચૂનીલાલ ઓઝાએ રચ્યાં છે. માત્ર શ્રી દેસાઈના ગ્રંથમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીની કૃતિઓનું સાહિત્યિક અભિગમથી અત્યંત સંક્ષેપમાં ઊડતું વિહંગાવલોકન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત મહાનિબંધમાં મેં આ બંને ય સર્જકોના અને શ્રીઉપેન્દ્રાચાર્યજીના વિપુલ ગધ-પધસાહિત્યનું સૌથી પ્રથમ વાર, સવિગત અને સુસંકલિત રીતે વિસ્તૃત સમીક્ષણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

તેમ કરવામાં મેં સ્થળ-સમયનાં પરિબળો અને વિકસતાં વિવેચન-મૂલ્યોનો સસંદર્ભ વિનિયોગ કરવાનો ખ્યાલ રાખ્યો છે, - કારણ કે "કલાની ખાતર કલા" અને "જીવનની ખાતર કલા"ના વાદવિવાદોએ હજુ પધ્ધતિસરનો પ્રારંભ કર્યો ન હતો, માત્ર તેના ભણકારા સંભળાતા હતા ; તથા પાશ્ચાત્ય વિવેચનની પધ્ધતિએ પૂરી પકડ જમાવી ન હતી ; ત્યારે શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના મહાપુરુષોએ મનહર અને મનભર શૈલીમાં સાહિત્ય-સંસ્કારસુધાનું પાન કરાવી જનતાની ધર્મભાવનાને જાગૃત અને જીવંત રાખવાનું જે

ભગીરથ કાર્ય કર્યું છે તેનું મૂલ્યાંકન કેવળ અદ્યતન માનદંડથી જ થવું શક્ય નથી, અને ન્યાયયુક્ત પણ નથી.

નર્મદથી આરંભાયેલા ગુજરાતી ગદ્યના ખેડાણમાં ૧૯મી સદીના અંતભાગમાં અને ૨૦મી સદીના આરંભમાં – મહાત્મા ગાંધીજીનો સાહિત્યક્ષેત્ર પર પ્રભાવ પડવાનો શરૂ થયો તે પહેલાં – અનેક વિદ્વાનોએ ફાળો આપ્યો છે. ખાસ કરીને ચિંતનાત્મક ગદ્યમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીનું અને શ્રીમાન્ વિશ્વવંદ્યનું તથા પંડિતયુગની શૈલીમાં નવા ઉન્મેષ ઉમેરતું શ્રી નર્મદાશંકર મહેતાનું પ્રદાન નોંધપાત્ર છે, તે વિશે આ મહાનિબંધમાં સોદાહરણ ચર્ચા કરેલી છે.

દીવામાંથી દીવા પ્રકટે તેમ વર્ગના વિદ્વત્તાભર્યા વાતાવરણમાં સંખ્યાબંધ કવિઓ – સાહિત્યકારો પ્રકટ થયાં. તેમાંના સર્વશ્રી નર્મદાશંકર મહેતા, જેકિસનદાસ કણિયા, નગીનદાસ સંઘવી, કૌશિકરામ મહેતા જેવા વિરલ વિદ્યાધરો અને મહારથીઓથી માંડી છેક વર્ગના સાંપ્રત આચાર્ય શ્રીમત્સુરેશ્વરાચાર્યજી અને તેમનાં કુટુંબીજનો, તથા યશોધર મહેતા, રાજેન્દ્ર શાહ, દિલારામ, પિનાકિન ત્રિવેદી અને મહેન્દ્રકુમાર દેસાઈ સુધીના શારદોપાસકોની પ્રતિભાનો આ મહાનિબંધમાં અતિસંક્ષેપમાં સૌથી પ્રથમ જ વાર પરિચય આપી તેમના દ્વારા થયેલ વર્ગના પરોક્ષ પ્રદાનની મહત્તા પ્રતિ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

ઉત્સવ, સમારંભ, સંમેલન આદિ વર્ગની વિવિધ પ્રવૃત્તિઓનાં પ્રેરક પરિબળો અને પરિણામરૂપે આ વર્ગે સમાજમાં કેવી રીતે જીવનસાધના ઉપરાંત સાહિત્યકલાસંસ્કારાદિ માનવમૂલ્યોનું પ્રત્યક્ષ – અને પરોક્ષ સિંચન કર્યું છે તેનો પણ ઠીક ઠીક ખ્યાલ આ મહાનિબંધમાં આપવામાં આવ્યો છે. સવિશેષપણે, પરંપરાપ્રાપ્ત ધર્મપ્રણાલીથી

ન્યૂનાંશમાં જુદા પડીને ય — છતાં અંશાંશે પણ વિકૃતિ આણ્યા સિવાય — આ વર્ગના ધર્મધ્વજી મહાનુભાવોએ, ધર્મતત્ત્વના અતિમહત્ત્વના મૂળભૂત સિધ્ધાંતોને, નવા રાગઢાળની કવિતામાં, અભિનેય રાસગીત ગરબામાં, સંવાદ—નાટકોમાં, નવલકથાઓમાં, નિબંધોમાં તથા નિબંધ કે મહાનિબંધ કહી ન શકાય એવી સુદીર્ઘ લેખમાળાઓમાં આસ્વાદ્યરૂપે વહેતા મૂકીને — વધતા જતા વિજ્ઞાનના જમાનામાં — વૈવિધ્યભરી રસપ્રદ વાનગી પીરસી છે. શ્રીમાન્ વિશ્વવંદ્યપ્રસ્થાપિત સાધનસમારંભ જેવા ઉત્સવની અને શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીસ્થાપિત ઉત્સવના "રસદર્શન" અંગેની ધાર્મિક ઉપરાંત સાહિત્યિક અને સાંસ્કારિક સેવાની અપૂર્વતા અને ઉપયોગિતાની સવિગત ચર્ચા યોગ્ય સ્થળે કરવામાં આવી છે. વર્ગ ઉપરાંત જાહેરજનતા સુધી વર્ગના જીવનવિજયી સમર્થ સિધ્ધાંતોની અને વ્યક્તિ—સમષ્ટિના સર્વતોમુખી ઉત્કર્ષને સધાવનારા વિચારોની સંક્રાન્તિ કરવાનું સરળ અને સબળ સાધન સામયિક હતું. વૈજ્ઞાનિક સાધનોની સગવડ અને વૃત્તપત્રોની વિપુલતાના અદ્યતનયુગમાં કદાચ વર્ગની સામયિક પ્રવૃત્તિનું બહુ મહત્ત્વ ન લાગે ; પરંતુ વર્ગે અને વર્ગ બહારના વર્ગના વિદ્વાનોએ વર્ષો સુધી એકીસાથે અને કેટલાંક વારાફરતી મહાકાલ, પ્રાતઃકાલ, ધર્મધ્વજ, યમદણ્ડ, ભક્ત, ભાગ્યોદય, દંપતિમિત્ર, જીવન, સ્પર્શમણિ, પ્રભાકર, શ્રેયસ્સાધક.... જેવાં સામયિકો સફળતાપૂર્વક ચલાવ્યાં એટલું જ નહીં પણ તે સામયિકોની સાહિત્ય—વાનગીએ અનેકનાં જીવન પલટાવવાનું ક્રાન્તિકાર્ય કર્યું, એ.... વગેરેની સંક્ષિપ્ત આલોચના આપી છે. વર્ગની બહુવિધ પ્રેરક પ્રવૃત્તિઓનાં આ મહત્ત્વનાં પાસાંઓની કડીબધ્ધ વિગત પ્રસ્તુત મહાનિબંધમાં પ્રથમ જ વાર પ્રકાશમાં લાવવામાં આવી છે.

ધર્માચાર્યપ્રણીત ધાર્મિક—આધ્યાત્મિક સંસ્થા તરીકે સુપ્રસિધ્ધ આ વર્ગમાં સ્ત્રીઓનું સ્થાન અને માન ઊંચું હતું. એટલું જ

નહીં પણ વિહિત મર્યાદાના પાલનપૂર્વક સ્ત્રીઓ માનવકલ્યાણ અને આત્મોધ્ધારની જ્ઞાન-ધ્યાનાદિ તમામ પ્રવૃત્તિઓમાં પૂરેપૂરો ભાગ લઈ શકતી હતી. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ્યારે જડવાદ જામતો હતો અને નારી એ નિર્બળ પરાધીન અબળા ગણાતી હતી ત્યારે અન્ય સંસ્થાઓના કહેવાતા સુધારાઓના કાર્યક્રમનો સંસ્પર્શ કે વિરોધ કર્યા સિવાય, શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના ઉદાર હૃદયના આચાર્યો અને વિદ્વાનોએ સ્ત્રીસંમાનની ઉદાત્ત ભાવનાને પુરસ્કૃત કરી; નારીને નારાયણી બનવા-બનાવવાની ઘોષણા અને યોજનાઓ કરી અને અમલમાં આણી, એટલું જ નહીં પણ ગૃહસ્થાશ્રમ જ સર્વ આશ્રમોમાં સર્વોપરિ છે એવું ઠેરઠેર પ્રતિપાદન કરી સ્ત્રીશક્તિની પ્રતિષ્ઠા કરી. વર્ગના આચાર્યપુરુષોનો સીધો અને આકરો ઉપદેશ, વર્ગનાં વિવિધ સામયિકોમાંનું સાહિત્ય, ઉત્સવો, સમારંભો આદિ પ્રવૃત્તિઓ..... વગેરેમાંથી અનેક સત્ત્વશાળી મહિલાઓએ પ્રેરણાનાં પીયૂષ પીધાં; અને નિજોન્નતિ ઉપરાંત સમાજની સાચી સુધારણાની દિશામાં પ્રાગતિક પગલાં ભર્યાં. પરિણામે આ વર્ગના ગૃહગોખલે અનેક દીપ્તિમાન દીવડીઓ ઝગમગી ઊઠી. સૌથી પ્રથમ જ વાર આ મહાનિબંધમાં વર્ગનાં સંખ્યાબંધ વિદુષી સ્ત્રીકવિઓ અને સમાજસેવિકાઓની પ્રતિભા અને કાર્યસિધ્ધિનો ઈષત્ પરિચય આપવામાં આવ્યો છે. આ પહેલાં કોઈપણ સ્થળે સાહિત્યજગતમાં તેનો ઉલ્લેખ થયેલો નથી.

આમ, વર્ગના ત્રણ આચાર્યો, તેમનાં કુટુંબીજનો, શિષ્યવૃંદમાંના અગ્રણી વંદનીય સાધુચરિત સાધકો, ઉત્સવો-સંમેલનો, સામયિકો તથા સ્ત્રીપ્રતિભાઓએ, તેમના જમાનાનાં સર્વ પરિબળોના સંદર્ભમાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ કરેલા વિશિષ્ટ પ્રદાનનો અહીં આ મહાનિબંધમાં એક જ સ્થળે સૌ પ્રથમ વિસ્તૃત આલોચનાત્મક અભ્યાસ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

૨-૧૦-૧૯૬૮——ooo—— લવકુમાર મ. દેસાઈ